પૂર્વછાયો- એક સાંભરી સારી વારતા, સતસંગીને સુખદેણ ।
વીતિ તે નથી વખાણતો, કહું દીઠી જે મારે નેણ ॥૧॥
ધન્યધન્ય સતસંગીને, જેના પુણ્યનો નહિ પાર ।
ધન્યધન્ય શ્રીમહારાજને, જેણે આપ્યા પરચા અપાર ॥૨॥
જોઈ પરચા જનના, જે નહિ માને નરનાર ।
તેજ અભાગી તન છતાં, મરી જાશે જમને દ્વાર ॥૩॥
એ જન જાણે આસ્તિકી, જેને સાચું મનાણું મન ।
કહું હવે કીર્તિ કથી, હરિ હરિજનની પાવન ॥૪॥

ચોપાઇ- ધન્યધન્ય જેતલપુર ગામ, વાલે જેને કર્યું નિજધામ ।
તેમાં મરે પાપી નરનાર, તે પણ ન જાય જમને દ્વાર ॥૫॥
તેમાં પરચા આપ્યા વાલે બહુ, જાણે છે જન ગામના સહુ ।
મોટા મોટા કર્યા જ્યાં જગન, ખુટ્યાં નહિ ગોળ ઘૃત અન્ન ॥૬॥
એમાં પરચા આપ્યા પળેપળે, તેતો કેમ લખાય કાગળે ।
પણ કહું છું એક બે વાત, હરિભક્તતણી વિખ્યાત ॥૭॥
એક દ્વિજ ભક્ત દયારામ, પ્રભુ પધારિયા તેને ધામ ।
આવ્યા પંખાળી ઘોડિયે ચડી, હૈયે હારને હાથમાં છડી ॥૮॥
જોઈ જન થયો રળિયાત, અહો આ સઈ આશ્ચર્ય વાત ।
અતિપ્રેમમાંઈ લાગ્યો પાય, ઢાળી ઢોલીયો બેસાર્યા ત્યાંય ॥૯॥
નિર્યું ઘોડીને નીલેરૂં ઘાસ, ઉભો હાથ જોડી આગે દાસ ।
આપો આગન્યા કરાવું થાળ, દયા કરીને જમો દયાળ ॥૧૦॥

મારી બોન છે બીજે ભવન, કહું તેને કરે દરશન ।
કહે નાથ આવ્યા છાના અમે, ઝાઝું જાહેર ન કરો તમે ॥૧૧॥
આજ જાવું છે ગામ ડભાણ્ય, એક જનને તેડવા જાણ્ય ।
આંહિ રહેવું છે ઘડી બેચાર, પછી તર્ત થાવું છે તૈયાર ॥૧૨॥
માટે આવ્ય ઓરો આપુ હાર, જાતો ઝાઝી કરીશ માં વાર ।
દીધો હાર ગયો દયારામ, થયા અદંશ્ય સુંદર શ્યામ ॥૧૩॥
ઘેરે આવ્યાં બેઉ બેન ભાઈ, નાથ ન દીઠા મંદિરમાંઈ ।
પછી કાઢી ગામમાં ખબર, નાથ આવ્યા છે કોઈને ઘેર ॥૧૪॥
પરસ્પર સહુને પૂછી વળ્યા, પણ વાલોજી ક્યાંઈ ન મળ્યા ।
કહે સત્સંગી બેસો જઈ ઘેરે, પ્રભુ વિરાજે છે કચ્છ તેરે ॥૧૫॥
કહે દયારામ તેહવાર, આ જો આપ્યો હમણાંજ હાર ।
કહે સતસંગી ધન્યધન્ય, થયું અલૌકિ તને દરશન ॥૧૬॥
આપ્યો પ્રભુએ પરચો આજ, ધન્ય ભાગ્ય તારાં દ્વિજરાજ ।
વળી એહ ગામમાંઈ એક, આપ્યો પર્ચો કહું કરી વિવેક ॥૧૭॥
એક દ્વિજ ભક્ત છે નિષ્કામ, જાણજ્યો જોયતો તેનું નામ ।
તેના દેહનો આવિયો અંત, આવ્યા માસ મોરે ભગવંત ॥૧૮॥
અલૌકિક રૂપે આવ્યા નાથ, જોઈ જન થયો છે સનાથ ।
કહે જન ધન્ય ભગવાન, દિધાં દાસને દર્શનદાન ॥૧૯॥
કરૂં રસોઈ જમીયે આજ, મહેર કરી મુંપર મહારાજ ।
કહે નાથ તું કર રસોઈ, આજ જમશું જાણજ્યે સોઈ ॥૨૦॥
પછી જોયતે કર્યાં ભોજન, જમ્યા ભાવેશું જગજીવન ।
પછી આપ્યો સુંદર મુખવાસ, હાથ જોડી બેઠો પ્રભુપાસ ॥૨૧॥
ત્યારે બોલિયા એમ મહારાજ, અમે આવ્યા છીએ તારે કાજ ।
તને કહેવી છે વારતા એક, હૈયે ધારજ્યે કરી વિવેક ॥૨૨॥
તારું તન તે પામશે નાસ, એહ આડો રહ્યો એક માસ ।
નાવા જાઈશ કુપમાં નીરે, પડશે કુપ લાગશે શરીરે ॥૨૩॥
ત્યારે છુટી જાશે તન તારું, માનજ્યો વચન એ અમારું ।

આવશું તેડવા તને અમે, સહાય કરશું વસમે સમે ॥૨૪॥
રહેજ્યે આનંદમાંહિ તું જન, કરજ્યે નારાયણનું ભજન ।
આ વાત તું કહેજ્યે એક પાસ, જે હોય નકિ પ્રભુનો દાસ ॥૨૫॥
એમ કહી રહ્યા જ્યારે નાથ, ત્યારે વિપરે જોડિયા હાથ ।
એક સતસંગી બોન મારી, તે તો ઈચ્છે તમને બિચારી ॥૨૬॥
તેને દર્શન દિયો દયાળ, તો હું તેડી લાવું તતકાળ ।
ગયો વિપર તેડવા કાજ, કેડ્યેથકી પધાર્યા મહારાજ ॥૨૭॥
તેડી લાવ્યો છે બોનને ભાઈ, પડ્યું દિઠું પત્રાવળું ત્યાંઈ ।
જોઈ પસ્તાપ કરે છે જન, કેમ રહ્યા નહિ ભગવન ॥૨૮॥
કહે જોઈતો એ મારે કાજ, આવ્યાતા અલબેલો મહારાજ ।
મને કહિ ગયા છે વચન, માસ પછી તું તજીશ તન ॥૨૯॥
માટે આ વાત કેને મ કહેજ્યે, તારા મનમાં સમજી રહેજ્યે ।
પછી પુરો થયો જ્યારે માસ, ત્યારે આવ્યા પોત્યે અવિનાશ ॥૩૦॥
તેડી ચાલ્યા જનને જીવન, થયાં બીજાને પણ દર્શન ।
એહ પ્રતાપ નાથનો જોઈ, જન મગન થયાં સહુ કોઈ ॥૩૧॥
એક વારતા કહું વખાણી, લેજ્યો સામર્થી નાથની જાણી ।
મહી તીરે છે ગામ ચમારા, તેમાં ભક્ત સુતાર છે સારા ॥૩૨॥
નામ ઘાળજી ભક્ત ભણિએ, સાચો ભક્ત સ્વામીનો ગણિએ ।
અતિનિર્મળ કોમળ ચિત્ત, જેને પ્રકટ પ્રભુમાં પ્રીત ॥૩૩॥
તેના દેહનો આવિયો અંત, આવ્યા તેડવા સ્વામી ને સંત ।
મુનિ મંડળ છે સર્વે સાથ, આવ્યા દયાળજી પાસે નાથ ॥૩૪॥
ધાયું દર્શને સરવે ગામ, કહે પધાર્યા સુંદરશ્યામ ।
દિધાં દયાળજીને દર્શન, નિરખી નાથને થયો મગન ॥૩૫॥
કહે ઉઠો ભાઈઓ સહુ મળી, કરો વાલાની ચાકરી વળી ।
આપો ઘોડાને ચાર નીલેરી, કરાવિએ રસોઈ વેલેરી ॥૩૬॥
જમે મહારાજ ને મુનિજન, આજ પધાર્યા છે ઘણે દન ।
એમ કહિને ઉઠિયો આપ, કહે બહુ દને થયો મેળાપ ॥૩૭॥

સર્વે ઘરનાં માણસ રહ્યાં જોઈ, દેખે ઘાળજી ન દેખે કોઈ ।
કહે ગામ લોક અમે આજ, આવ્યા ત્યાં સુધી દીઠા મહારાજ ॥૩૮॥
કહે ઘાળજી આ ઉભા આપ, બહુ હેત ભર્યા મારો બાપ ।
હું તો જાઉં છું મહારાજ ભેળો, એમ કહેતાં દેહ તેહ ઢળ્યો ॥૩૯॥
સહુ રહ્યાં છે આશ્ચર્ય પામી, કહે ધન્યધન્ય સમર્થ સ્વામી ।
સાચા તમે સાચો સતસંગ, પાપી જીવ નહિ કરે પ્રસંગ ॥૪૦॥
આવી રીત્યે ક્યાંથી છુટે દેહ, મોટા મુનિને દુર્લભ એહ ।
થયો પર્ચો કહે સહુ મળી, **કહું** વાત બીજી લ્યો સાંભળી ॥૪૧॥
એક કણબી કુશળબાઈ, જેને પ્રીત અતિ પ્રભુમાંઈ ।
થઈ તાણ્ય નિરખવા નાથ, ચાલ્યાં દર્શને લઈ સંગાથ ॥૪૨॥
આવી રજની રહ્યાં ડભાસે, અંતરે હરિ મળવા આશે ।
જંપ ન વળે જંખના ભારી, ક્યારે નિરખું શ્યામ સુખકારી ॥૪૩॥
અતિ તલફે તન મનમાંઈ, થઈ આતુર ગઈ અકળાઈ ।
અતિ પ્રેમવશ થયા પ્રાણ, નાડી ન રહી નહિ ઓળખાણ ॥૪૪॥
એવે સમે આવ્યા અલબેલ, છેલ છોગાળો છબિલો છેલ ।
શોભે સુંદર મૂરતિ સારી, આવી ઉભા આગે સુખકારી ॥૪૫॥
હસિહસિ બોલાવે દયાળ, કરો દર્શન તન સંભાળ ।
ત્યારે હરિજન થયા સચેત, લાગ્યા પાય કરી બહુ હેત ॥૪૬॥
કહે ધન્યધન્ય મહારાજ, દીધાં અલૌકિ દર્શન આજ ।
ત્યારે નાથ કહે સુણો જન, તારું જાણ્યું જે છુટશે તન ॥૪૭॥
માટે આવ્યા ઉતાવળા અમે, કરી બહુ તાણ્ય જ્યારે તમે ।
હવે અમે જાશું પાછા વળી, તમે આવજ્યો સહુ ત્યાં મળી ॥૪૮॥
એમ કહિ કંઠથી ઉતારી, આપી માળા સુખડ્યની સારી ।
એક કંઠી કાજુ ઝિણે પારે, દીધી વાલે તે પણ તેવારે ॥૪૯॥
દઈ માળાઓ ચાલ્યા મહારાજ, કરી અલૌકિક એહ કાજ ।
જોઈ જન પામ્યાં છે આનંદ, કહે ધન્ય સ્વામી સહજાનંદ ॥૫૦॥
જેહ આપી મૂરતિ એ માળ, તે ફેરવે છે હજી મરાળ ।

આપી અલૌકિક દાન એહ, દિઠી છે નિષ્કુલાનંદે તેહ ॥૫૧॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળા નંદ મુનિવિરચિતે ભક્તચિંતામણિમધ્યે શ્રીજીમહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને આડત્રિશમું પ્રકરણમ્ ॥૧૩૮॥